હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

જુગાર પર આ લોકો જી.એસ.ટી નાખી શંકે તેમ નથી એટલે તે જગ્યાએ આપણે રેડ કરી દેવાની...!!

શહેરની શાળાઓમાં વિદ્યાર્થીઓને ફાયરની પ્રાથમિક તાલીમ અપાઈ

ગાંધીનગર શહેરની ખાનગી અને સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગાંધીનગર ફાયર બિગ્રેડના સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી અને તેમની ટીમ દ્વારા ફાયરની પ્રાથમિક તાલીમની માહિતી આપવામાં આવી હતી. આ તાલિમમાં વિદ્યાર્થીઓને આગ લાગે ત્યારે શું કરવું અને શું ન કરવું તેની સમજણ આપવામાં આવે છે. જયારે ફાયર એસ્ટીંગ્યુઝરનો ઉપયોગ કેવી રીતે કરવો તેની માહિતી પણ પુરી પાડી હતી.

ચિલોડા સર્કલ વિસ્તારમાંથી રખડતા ઢોર પાંજરે પુરાયા

ચિલોડા સર્કલ અને આસપાસના વિસ્તારના માર્ગો પર રખડતા ઢોર અડીંગો જમાવી બેસી જાય છે. રખડતા ઢોરને પગલે ચિલોડા વિસ્તારના નાના મોટા અકસ્માત પણ સર્જાય છે. તો બીજીતરફ ખેતરમાં ભેલાણ કરતા હોવાથી ખેડુતોને પણ ખેતીમાં ભારે નુકશાની વેઠવી પડે છે. ત્યારે ઢોર પકડ પાર્ટી દ્વારા ચિલોડા વિસ્તારમાંથી રખડતા ઢોરને પકડીને પાંજરે પુરવામાં આવતા સ્થાનિક નાગરીકોએ રાહત અનુભવી છે. ત્યારે ચિલોડા વિસ્તારમાં આગામી સમયમાં પણ રખડતા ઢોરને પકડવાની ઝુંબેશ ચાલુ રહે તો નવાઈ નહી..!

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકા નાગરિક પુરવઠા સલાહકાર સમિતિની આજે બેઠક મળશે.
- વિકાસ કમિશનરે આજે નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી પંચાયતી રાજના પ્રશ્નોને લઈ સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ૮૧૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૫૧૫ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- અસરગ્રસ્ત ખેડૂતોના પડતર પ્રશ્નો અંગે પૂર્વ કાઉન્સીલર સુશ્રી જાગૃત્તિબેન પુરોહિતે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહને પત્ર લખ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં "હર ઘર ત્રિરંગા" આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં ૪૪૬ પ્રભાતફેરીઓ યોજવામાં આવી છે.
- સે. ૭ ખાતે આવેલ ચૌધરી અંગ્રેજી માધ્યમ શાળામાં નર્સરી, જુનિ. અને સિનીયર કે.જી.ના બાળકોદ્વારા છત્રી દિવસની ઉજવણી કરવામાં આવી છે.
- કલોલ ખાતે આવેલી હોલી ચાઈલ્ડ સ્કૂલમાં ગણિત-વિજ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.
- માણસા શહેર યુવક કોંગ્રેસના પ્રમુખ તરીકે ધર્મરાજસિંહ વિ. રાઓલની નિમણુંક કરવામા આવી છે.
- ગાંધીનગર તાલુકાની ચંદ્રાલા ગ્રામ પંચાયતે દારૂની બદીને નાથવા કડક કામગીરી કરવા ડી.ડી.ઓ.ને રજુઆત કરી છે.
- આજે પાલજ ખાતે મનપા દ્વારા સેવાસેતુનું આયોજન કરવામાં આવ્યું છે.
- જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આજે ટી.એચ.ઓ. અને તબીબોની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના નોડલ અધિકારી ડૉ. સુથારે હાજરી આપી સૌને માર્ગદર્શિત કર્યા હતા.

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) ગાંધીનગર મહિલા પાંખ ના પ્રમુખ છાયા ત્રિવેદી (કોર્પોરેટર) તેમજ મહામંત્રી શર્મિષ્ઠાબેન મહેતાની આગેવાની હેઠળ આજરોજ સમર્પણ મુક બધીર શાળા સેક્ટર ૨૮ માં વિદ્યાર્થીઓની સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી તેમજ બહેરા મૂંગા વિદ્યાર્થીઓ સાથે ગરબા તેમજ રમત રમવાની મજા માણી. આ પ્રસંગે વોર્ડ નંબર પાંચ ના કોર્પોરેટર શ્રીમતી હેમા મંથન ભટ્ટ તેમજ ગાંધીનગર મહિલા પાંખની હોદ્દેદાર બહેનોએ હાજરી આપી હતી....

જીઈબીમાં રહેતા મહિલા મેનેજરના ઘરમાંથી રૂ.૫.૫૮ લાખની ચોરી

ઘરમાં ડીજીટલ લોકરમાંથી જાણભેદુ રૂ.૫ લાખ રોકડા અને સોનાના દાગીના લઈ નાસી ગયો, ફર્નિચરના રૂપીયા ચુકવવા લોકર ખોલતા ચોરીની જાણ થઈ

ગાંધીનગર, તા.૫

અમદાવાદની ખાનગી કંપનીમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવતા અને ગાંધીનગર જીઈબી કોલોની ખાતે રહેતા મહિલાના ઘરમાં ડીજીટલ લોકરમાંથી રૂ.૫ લાખ રોકડા અને સોનાના દાગીના મળી કુલ રૂ.૫.૫૮ લાખ મત્તાની ચોરી કરી કોઈ જાણભેદુ શખ્સ પલાયન થઈ ગયો છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જીઈબી કચેરી ખાતે બ્લોક નં.૧૪-૩ ટાઈપ-૨ માં રહેતા પરમજીત કૌર નરેન્દ્રસીંગ છાબડા અમદાવાદ ખાતે ખાનગી કંપનીમાં સિનિયર મેનેજર તરીકે કાર્યરત છે. તેમના પતિ જીઈબીમાં નોકરી કરતા હતા અને તેમનું આજથી ત્રણ વર્ષ અગાઉ અવસાન થયું છે. જયારે દિકરા-દિકરી સાથે પરમજીતકૌર જીઈબી ખાતે મકાનમાં રહે છે. પરમજીત કૌરના સરગાસણ ખાતેના મકાનમાં ફર્નિચરનું કામ ચાલી રહ્યું હોવાથી ગઈકાલે ગુરૂવારના રોજ પૈસા આપવાના હોવાથી ઘરમાં બેડરૂમમાં બનાવેલા ડીજીટલ લોકર પાસવર્ડ થી ખોલ્યું હતું. ત્યારે જાણ થઈ કે કોઈ જાણભેદુ શખ્સે પાસવર્ડવડે લોકર ખોલી અંદરથી રૂ.૫ લાખ રોકડા અને સોનાની ચેઈન, પેન્ડલ, તેમજ બુટ્ટી, સાથે જે આશરે પોણા તોલા વજનનું કિં.રૂ.૪૦ હજાર તેમજ એક સોનાનું અર્ધ ચંદ્રકાર આકારનું પેન્ડલ રૂ.૧૮ હજાર સહિત અન્ય પરચુરણ ચીજવસ્તુઓ તેમજ એક ડોક્યુમેન્ટનું ફોલ્ડર પણ ચોરી નાસી ગયો છે. બનાવ અંગે તેમણે દિકરા-દિકરીને પણ લોકર ખોલવા બાબતે પુછપરછ કરી હતી. પરંતુ સંતાનોએ લોકર ખોલ્યુ નહી હોવાનું જણાવ્યું હતું.ગત તા.૨૫ જુલાઈના રોજ લોકર ખોલ્યુ હતું તે સમયે પૈસા અને તમામ ચીજવસ્તુ બરાબર હતી. ત્યારે બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે મહિલા મેનેજર દ્વારા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૭ માંથી ઈલેકટ્રીક સાયકલની ચોરી

ગાંધીનગર, તા.૫

શહેરના સેકટર-૭ સી ખાતેથી હીરો કંપનીની લેકટ્રો સી-૫ આઈ મોડલની ઈલેકટ્રીક સાયકલ ચોરી થઈ છે. મકાનની બાજુમાંથી રૂ.૨૦ હજારની ઈલેકટ્રીક સાયકલ ચોરી થતા સ્થાનિક વસાહતીઓમાં ડરનો માહોલ જોવા મળ્યો છે. ત્યારે બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા ખાતે ક્રિષ્ણા કેમીસ્ટના નામે મેડીકલ સ્ટોર ચલાવતા અને સેકટર-૭ સી પ્લોટ નં.૮૯૬-૨ ખાતે રહેતા પ્રવિણસિંહ દિલિપસિંહ ઝાલા પોતાના પરિવાર સાથે રહે છે. પ્રવિણસિંહે પોતાના નાના દિકરાને ફેરવવા માટે હીરો કંપનીની લેકટ્રો સી-૫ મોડલની ઈલેકટ્રીક સાયકલ ખરીદી હતી. ગત તા.૨૯ જુલાઈના રોજ રાત્રીના આશરે અગીયાર વાગે સાયકલ ઘરની બાજુમાં ખુલ્લી જગ્યામાં મુકી હતી. જયારે પ્રવિણસિંહના દિકરાને બેડમિન્ટનની ટુર્નામેન્ટ હોવાથી તે પ્રેકટીસ માટે સેકટર-૨૧ જીમખાના જવાનું હોવાથી તેઓ લેવા મુકવા માટે જતા હતા. જેથી ઈલેકટ્રીક સાયકલનો ઉપયોગ થતો ન હતો. પરંતુ તા.૧ ઓગસ્ટના રોજ સવારના સાત વાગ્યાના અરસામાં ઈલેકટ્રીક સાયકલ લેવા માટે જતા ત્યાં સાયકલ ન હતી. જેથી ઈલેકટ્રીક સાયકલ અંગે સોસાયટીમાં તેમજ આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ સાયકલ મળી ન આવતા પ્રવિણસિંહ રૂ.૨૦ હજારની ઈલેકટ્રીક સાયકલ ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઝુંડાલ કદમ ગ્રીન્સની બાજુમાંથી ૧૭૦૦ ફરમાની ચોરી

ગાંધીનગર, તા.૫

ઝુંડાલ ગામની સીમમાં કદમ ગ્રીન્સની બાજુમાં ખુલ્લી જગ્યામાંથી નાની મોટી સાઈઝના મળી કુલ-૧૭૦૦ ફરમાની ચોરી થઈ છે. ત્યારે કોન્ટ્રાકટરે રૂ.૪.૫૦ લાખના ફરમાની ચોરી થતા અજાણ્યા ચોર શખ્સો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ નિકોલ ખાતે રહેતા લેબર કોન્ટ્રાકટર અશ્વિનભાઈ વિઠ્ઠલભાઈ પાયાણી (ઉં.૪૫) નું ૧૫ મે થી ઝુંડાલ ગામની સીમમાં કદમ ગ્રીન્સમાં સેન્ટીંગનું લેબરનું કામ ચાલી રહ્યું હતું. ત્યારે કદમ ગ્રીન્સમાં સન્ટીંગનું કામ પુરૂ થઈ જતા બાજુમાં આવેલા સર્વે નં.૪૩૮-૩૩ ની ખુલ્લી જગ્યામાં નાની મોટી સાઈઝના ૨૨૦૦ ફરમા મુકવામાં આવ્યા હતા. જે ગત તા.૧૭ જુલાઈના રોજ ચેક કરવામાં આવતા તમામ ફરમા હતા. ત્યારબાદ તા.૩૦ જુલાઈના રોજ ચોકીદારે વહેલી સવારે ત્રણ વાગે ફરમા ચોરી અંગે જાણ કરી હતી. જેથી અશ્વિનભાઈ સ્થળ પર દોડી આવીને ચેક કરતા ૧૭૦૦ ફરમાની ચોરી થઈ હતી. ત્યારે કોન્ટ્રાકટર અશ્વિનભાઈનું માનવુ છે કે ફરમા કોઈ એક સાથે લઈ ગયુ નથી, પરંતુ થોડા થોડા કરી ચોરી કરી લઈ ગયા છે. જયારે ખુલ્લી જગ્યામાંથી ફરમા ગત તા.૧૭ થી ૩૦ જુલાઈ ૨૦૨૨ દરમિયાન ચોરી થયા છે. તેઓએ રૂબરૂ આસપાસના સીસીટીવી ફુટેજ ચેક કરતા ભંગારીયાઓને ત્યાં તપાસ કરી હતી.પરંતુ આજદીન સુધી ફરમાની શોધખોળ કરવા છતા મળી નહી આવતા લેબર કોન્ટ્રાકટર અશ્વિનભાઈએ અડાલજ પોલીસ મથકે રૂ.૪.૫૦ લાખના ફરમાની ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

સે.૬માં યોજાઇ નેહરુ યુવા કેન્દ્રની તિરંગા યાત્રા

ગાંધીનગર ખાતેના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા આઝાદી અમૃત મહોત્સવમાં "હર ઘર તિરંગા અભિયાન" અંતર્ગત આજે શહેરના સેકટર - ૬માં તિરંગા યાત્રા યોજવામા આવી હતી. આ તિરંગા યાત્રા સંત રોહિતદાસ મંદિરથી સેકટરમાં વિવિધ માર્ગો પર ફરી હતી જેમાં શહેરીજનો તથા યુવા મિત્રો મોટી સંખ્યામાં જોડાયા હતાં. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે મેયર હિતેશ મકવાણા, નહેરુ યુવા કેન્દ્રના ગુજરાતના સ્ટેટ ડાયરેક્ટર મનીષાબેન શાહ તથા હોમગાર્ડ કમાન્ડન્ટ વિષ્ણુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમના અંતમાં સૌ યાત્રામાં જોડાનાર તમામે સ્વચછતા જાળવવાના શપથ લીધા હતા.

ચિલોડા સર્કલ પાસેનું સરકારી દવાખાનું વરસાદના પાણીથી બેટમાં ફેરવાયું



ચિલોડા, તા. ૫

ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકની આસપાસ નેશનલ હાઈવે-૮ ઓવરબ્રીજ અને પહોળા રસ્તા, સર્વિસરોડ, વિશાળ સર્કલની સુવિધાથી લોકોને રાહત થઈ છે. જ્યારે સર્કલ અને જૂના પોલીસ સ્ટેશન, જાહેર શૌચાલય અને સર્વિસ રોડને અડીને આવેલા ઊંચા વિસ્તારનું નિર્માણ થતાં વરસાદનું તમામ પાણી હવે સરકારી દવાખાનાના નિચાણવાળા ભાગમાં તમામ વરસાદી પાણીનો આવરો અને ભરાવો થતાં દવાખાનાના મકાન અને દરવાજે અને આજુબાજુ વરસાદી તળાવનું રૂપ ધારણ કરતાં લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ અંગે દવાખાનાના આરોગ્યકર્મી દ્વારા તંત્રને આ બાબતે વારંવાર રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય આવતાં નારાજગી વેઠવાની લાચારીના ભોગ બનવાનો વારો આવ્યો છે. માત્ર બપોરે વરસાદ વરસતાં દવાખાનુ બેટમાં ફેરવાયું ત્યારે વધુ વરસાદ વરસે તો સ્થિતિ ગંભીર બને તેવા એંધાણો વર્તાય છે.

રણાસણમાંથી બાજી માંડીને બેઠેલા ૪ જુગારી ઝડપાયા

ઈન્દીરાનગર રેલ્વે લાઈન પાસેથી બે જુગારી રૂ.૧૨૨૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૫

ડભોડા પોલીસ મથકના કર્મચારીઓ વલાદ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે રણાસણ આવતા હે.કો.સંજય ચૌધરી તેમજ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે રણાસણ ઈન્દીરાનગર પાસે કાચા છાપરાની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો બાજી માંડીને બેઠા છે. જેથી પોલીસે પંચો સાથે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડી જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓને નામ પુછતા લીંમ્બડીયા ગામના સચિન ભરત પંડયા, હરસોલી ગામના વિજય કનન પરમાર, નોબલ નગર અમદાવાદના જીતેન્દ્ર ગોરધન મંથાણી અને ઓઢવનો રવિ કેશવ સ્ગાહ હોવાનું જણાવ્યું હતું.જયારે પોલીસને દાવ પરથી રૂ.૧૫૦૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડા રૂ.૯૯૬૦ મળી કુલ રૂ.૧૧,૪૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે ડભોડા પોલીસે રણાસણ ગામની સીમમાં રેલ્વે લાઈન નજીક ખુલ્લી જગ્યામાંથી જુગાર રમતા ઈન્દીરાનગરમાં રહેતા અજીતસિંહ નરેન્દ્રસિંહ ચૌહાણ અને શૈલેષ બાબુભાઈ પટેલનેદાવ અને અંગજડતી દરમિયાન કુલ રૂ.૧૨૨૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

"આઝાદી કા અમૃત મહોત્સવ" થીમ આધારિત ચિલોડા ક્લસ્ટર કક્ષા ના કલાઉત્સવનું આયોજન ચિલોડા મુકામે કરવામાં આવ્યું હતું. જીસીઈઆરટી દ્વારા આયોજિત આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓમાં રહેલા વિવિધ કૌશલ્યોને વિકસાવવા માટે અલગ અલગ વિષયનું આયોજન કરવામાં આવે છે. જેમાં ચિત્ર સ્પર્ધા બાળ કવિ સ્પર્ધા વાદ્ય સ્પર્ધા તથા ગાયક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જ વિષયો સાથે "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત પણ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિલોડા ક્લસ્ટરની ચિલોડા, ઈસનપુર, મગોડી, મહુન્દ્રા, રતનપુર, લવારપુર, શાહપુર,રામપુરા ની શાળાઓએ ભાગ લીધો હતો. કલા ઉત્સવ અંતર્ગત વિજેતા વિદ્યાર્થીઓ હવે તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને પગાર કેન્દ્રના આચાર્ય શ્રી હર્ષદભાઈ તથા સી. આર. સી. કોઓર્ડીનેટર શ્રી ઈલાબેનએ શુભેચ્છા પાઠવી હતી.

સાદરા સંકુલમાં સ્વચ્છ જળ-નિરામય જીવન માટે પીવાના પાણીનાં ટાંકાં સાફ કરાયાં

ગાંધીનગર, તા. ૫

મહાત્માં ગાંધી સ્વચ્છતા-સફાઈના આગ્રહી હતા. આશ્રમમાં સંડાશની સ્વચ્છતા માટે જાતે સફાઈ કરતા હતા તે આગ્રહને ગૂજરાત વિદ્યાપીઠ અકબંધ જાળવી રાખ્યો છે. ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ-સાદરાના છાત્ર નિવાસી છાત્રો પોતાની નિવાસી ઓરડી અને તેમનાં સંડાશ બાથરૂમની સફાઈ આજે પણ જાતે કરી રહ્યા છે. સંકુલ સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન મુજબે ગૃહમાતા વસંતી પરમારના આયોજન પ્રમાણે કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનિઓ ૧૦ હજાર લીટર પાણીની સિન્ટેક્ષ ટાંકી ટાંકીમાં ઉતરી સાફ કરી રહી છે. જેના લીધે સાદરા સંકુલના કન્યા છાત્રાલયાં સ્વચ્છ જળ-નિરામય જીવન, રોગમુક્ત જીવન, પાણીથી થતા ઝાડા, ઉલટી, કોલેરા, ટાઈફોઈડ જેવા રોગોમુક્ત છાત્રાઓ નિરામય જીવન જીવે. પાણીનાં ટાંકાંની સફાઈ દર માસે એક વખત અચૂકપણે કરી આ પાણીના ટાંકામાં ક્લોરીયુક્ત ટીકડી સમયાંતરે નાખી બેક્ટેરીયા ફ્રી પાણી રહે તેવી કાળજી રખાય છે, જે મહાત્મા ગાંધીના સ્વચ્છતા-સફાઈના સંસ્કારોનું સિંચન છાત્ર નિવાસીઓમાં સતત જળવાઈ રહે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

ગાંધીનગરની શાળાઓમાં ૩૧ હજાર જેટલા રાષ્ટ્રધ્વજની ખરીદી કરીને રાષ્ટ્રભાવના ઉજાગર કરી

ગાંધીનગર,તા.૦૫

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં રાષ્ટ્રભાવના ઉજાગર કરતા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. શાળા કક્ષાએ યોજાતી સ્પર્ધામાં જિલ્લાની પ્રાથમિક શાળાના ૧૮,૭૨૭ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા છે. પ્રાથમિક શાળાના ૧૮,૧૯૧ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રધ્વજની ખરીદી કરીને રાષ્ટ્ર પ્રત્યે પોતાના આદરને ઉજાગર કર્યો છે. ૧૪ હજારથી વધુ વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યુંછે. 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં તિરંગાની આન-બાન અને શાન વિશે સમજ આવે, રાષ્ટ્રભાવના ઉજાગર થાય અને રાષ્ટ્ર પ્રત્યે વિદ્યાર્થીઓ ફરજોથી જાગૃત્ત બને તે માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને પ્રાર્થના સમયે ભારતની આઝાદીના લડવૈયાઓની રસપ્રદ વાતો કરવામાં આવે છે. શાળાના વિદ્યાર્થીઓ પોતાની મહેનત અને સંશોધન થકી આઝાદી, દેશના તિરંગા, રાષ્ટ્રગીત જેવા વિષયની સમજ મેળવી શકે તે માટે નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાઓ પણ શાળાઓમાં યોજાઈ હતી. બાળકોએ એક જૂથ થઈ પોતાના ગામમાં પ્રભાત ફેરી પણ કાઢી હતી.

રાજભવનના કર્મચારીઓ માટે બેઝિક લાઈફ સપોર્ટ ટ્રેનિંગનું આયોજન

ગાંધીનગર, તા. ૫

રાજભવનના કર્મચારીઓમાં કટોકટીની તબીબી પરિસ્થિતિઓને હેન્ડલ કરવા અંગે જાગૃતિ લાવવા માટે, ગાંધીનગર સ્થાપના દિવસ નિમિત્તે મૂળભૂત જીવન સહાયતા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અપોલો હોસ્પિટલના બિલિયન હાર્ટ્સ બીટિંગ ફાઉન્ડેશન દ્વારા પ્રોજેક્ટ પ્રશિક્ષણ હેઠળ ગવર્નર હાઉસના ૯૫થી વધુ કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી. દિવસભરના સત્ર દરમિયાન, અપોલો હોસ્પિટલના નિષ્ણાતોએ કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન (CSR) અને ફર્સ્ટ-એઇડ મેનેજમેન્ટ પર તાલીમ આપી હતી, ખાસ કરીને દાઝી જવા અને ડૂબવા જેવા કિસ્સાઓમાં. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તાલીમ સત્રમાં હાજરી આપી હતી અને નીરજ લાલ, સીઓઓ અને યુનિટ હેડ, અપોલો હોસ્પિટલ, અમદાવાદ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ગવર્નરે અપોલો હોસ્પિટલના કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR)ના પ્રયાસોની પ્રશંસા કરી હતી. અપોલો હોસ્પિટલ્સે આ વર્ષના એપ્રિલની શરૂઆતમાં CSR પહેલ શરૂ કરી હતી. ઉદ્દેશ્ય લોકોને શિક્ષિત કરવાનો અને તબીબી કટોકટી સેવાઓ વિશે જાગૃતિ લાવવાનો અને તબીબી કટોકટીમાં મૂળભૂત જીવન સહાયતા તાલીમ અને પ્રાથમિક સારવાર વ્યવસ્થાપન પ્રદાન કરવાનો હતો. પહેલ હેઠળ વ્યક્તિઓને તાલીમ આપવામાં આવે છે, ખાસ કરીને હાઉસિંગ સોસાયટીઓ, શાળાઓ, કોલેજો અને કોર્પોરેટ ગૃહો જેવી સંસ્થાઓમાં આપવામાં આવે છે. પહેલ દ્વારા હોસ્પિટલનો ઉદ્દેશ્ય ઓછામાં ઓછા ૫૦,૦૦૦ લોકોને CSR અને મૂળભૂત જીવન સહાયતામાં મફત તાલીમ આપવાનો છે અને તબીબી કટોકટી દરમિયાન સામાન્ય લોકો, કુટુંબીજનો અને મિત્રોને મદદ કરી શકે તેવી વ્યક્તિઓની સેના તૈયાર કરવાનો છે.

વિશ્વમાં સૌ પ્રથમ વખત ડ્રોન ટેક્નોલોજી દ્વારા ખેતરમાં નેનો યુરિયાના છંટકાવનો શુભારંભ

આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં ગુજરાતનું મહત્વનું પગલું : ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા. ૫

સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ વખત ડ્રોન ટેકનોલોજી દ્વારા ખેતરમાં નેનો યુરિયાના છંટકાવનો ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામથી શુભારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડ્રોનમાં નેનો યુરિયા ભરીને, ડ્રોન ઓપરેટ કરીને રાજય સરકારની આ ઐતિહાસિક પહેલનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે કહ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ખેડૂતોની આવક બમણી કરવા સતત પ્રયત્નશીલ છે. ખર્ચ ઘટે અને ઉત્પાદકતા વધે એવા પ્રયત્નો કરાઈ રહ્યા છે ત્યારે ગુજરાતમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા અમે એ દિશામાં મહત્વનું પગલું ભર્યું છે. કૃષિ વિમાન-કિસાનનું વિમાન એટલે ડ્રોન. એવી ઓળખ આપીને ડ્રોન ટેકનોલોજી દ્વારા ખેતરમાં નેનો યુરિયાના છંટકાવની સો ટકા રાજ્ય પુરસ્કૃત યોજનાનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે વર્તમાન સમયમાં હવે કોઈએ દેશ માટે મરી ફીટવાની જરૂર નથી હવે સૌએ દેશનું ગૌરવ વધે એ રીતે જીવન જીવવાની જરૂર છે. પ્રાકૃતિક સંપદાનું જતન અને સંવર્ધન થાય એ રીતે જીવવાનું છે. નેનો યુરિયાના ઉપયોગથી રાસાયણિક ખાતરોની આયાતમાં ખર્ચાતું વિદેશી હૂંડિયામણ બચશે અને સબસીડીનો ખર્ચ પણ ઘટશે. એટલું જ નહીં, ડ્રોન દ્વારા નેનો યુરિયાના છંટકાવથી પાણીની પણ બચત થશે. નાની નાની વસ્તુઓની કાળજી લેવાથી આપણે દેશની મોટી સેવા કરી શકીશું. વિશ્વમાં સૌ પ્રથમ વખત ડ્રોન દ્વારા નેનો યુરિયાનો છંટકાવ કરવાનો આરંભ કરવામાં આવ્યો છે, તેનો આનંદ વ્યક્ત કરીને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સાંઘાણીએ જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની સમૃદ્ધિ, સલામતી અને આર્થિક ઉન્નિતનું સ્વપ્ન જોયું છે. જેને સફળ બનાવવા રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મક્કમતાથી આગળ ધપી રહ્યા છે.